**ધી પ્રાઈવેટ સીક્યુરીટી એજન્સીઝ (રેગ્યુલેશન)**
**એક્ટ–૨૦૦૫ ના અમલ/કંસેલીંગ માટે મંજૂર**
**કરેલ જગ્યાઓની મુદત લંબાવવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક : વિ.૧/ખસવ/૧૦૨૦૦૭/૮૩૦૭
સચિવાલય, ગાંધીનગર.
તા.
19 FEB 2011

**સંદર્ભ :– (૧) ગૃહ વિભાગનો તા.૪–૪–૦૮ નો ઠરાવ ક્રમાંક : વિ.૧/ખસવ/૧૦૨૦૦૭/૮૩૦૭**
**(૨) ગૃહ વિભાગનો તા.૨૭–૧–૧૦ નો ઠરાવ ક્રમાંકઃ વિ.૧/ખસવ/૧૦૨૦૦૭/૮૩૦૭**

<u>ઠ રા વ</u> :–

સંદર્ભ (૧) માં દર્શાવેલ વિભાગના તા.૪–૪–૦૮ ના ઠરાવથી પ્રાઈવેટ સીક્યુરીટી એજન્સીઝ (રેગ્યુલેશન) એક્ટ, ૨૦૦૫ ના અમલ / કન્સેલીંગ માટે ૧૬ નવી જગ્યાઓ ઉભી કરવા અને ભરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. જયારે સંદર્ભ (૨) ના ઠરાવથી આ જગ્યાઓની મુદત તા.૨૮–૨–૨૦૧૧ સુધી લંબાવવામાં આવેલ છે.

સદરહુ નીચે જણાવેલ ૧૬ જગ્યાની મુદત તા.૨૮–૨–૨૦૧૧ ના રોજ પુરી થતી હોઈ તા.૧–૩–૨૦૧૧ થી તા.૨૯–૨–૨૦૧૨ સુધી ચાલુ રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

| અ.નં. | જગ્યાનું નામ | સંવર્ગ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર | વર્ગ–૨ | ૧ |
| ૨ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | વર્ગ–૩ | ૨ |
| ૩ | એ. એસ. આઈ / હેડ કોન્સ્ટેબલ | વર્ગ–૩ | ૩ |
| ૪ | બિન હથિયારીધારી પોલીસ કોન્સ્ટેબલ | વર્ગ–૩ | ૩ |
| ૫ | સીનીયર કલાર્ક | વર્ગ–૩ | ૨ |
| ૬ | જુનિયર કલાર્ક | વર્ગ–૩ | ૧ |
| ૭ | કોમ્પ્યુટર ઓપરેટર (અનઆર્મપોલીસ કોન્સ્ટેબલ) | વર્ગ–૩ | ૩ |
| ૮ | પટાવાળા | વર્ગ–૪ | ૧ |
| | કુલ | | ૧૬ જગ્યા |

(૧) સૂચિત હંગામી જગ્યાઓનો ઉપયોગ જે તે હેતુ માટે જ કરવાનો રહેશે.

(૨) ખાલી જગ્યાઓના કિસ્સામાં નાણા વિભાગની સ્થાયી સૂચનાઓનો અમલ કરવાનો રહેશે. સૂચિત જગ્યાઓ પૈકીની હાલની ખાલી જગ્યાઓમાં જે જગ્યાઓ ૧ થી ૩ વર્ષના ગાળાથી ખાલી હોય તો તે સ્થગિત (Abeyance) કરવાની રહેશે, જયારે ૩ વર્ષથી વધુ સમયથી ખાલી હોય તેવી જગ્યાઓ રદબાતલ કરવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ " બજેટ સદર–૨૦૫૫–પોલીસ–ગૌણસદર–૧૦૯ જિલ્લા પોલીસ – પેટા સદર–૦૧–જિલ્લા પોલીસ ખુદ " હેઠળ ઉધારવાનો રહેશે અને નાણાંકીય વર્ષ ૨૦૧૧–૨૦૧૨ ની અંદાજપત્રીય જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

(૪) હંગામી ખાલી જગ્યાઓની મુદ્દત પૂર્ણ થયાના બે માસ અગાઉ જગ્યા ચાલુ રાખવા માટેના પૂરતા જસ્ટીફીકેશન સાથે દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રી (ગૃહ) ની તા.૧૦–૧–૧૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(કમલેશ શાહ)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (વહીવટ), ગુજરાત રાજય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (કા.વ્ય.), ગુજરાત રાજય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (ગૃહ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (આઈટી સેલ) ગૃહ વિભાગ. વેબસાઈટ ઉપર મૂકવાની વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.